# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/329 Dt. 09/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ દ્વારા પ્રોડક્ટિવિટી સાથે પ્રગતિ કાર્યક્રમ શ્રેણીનો ત્રીજો એપિસોડ યોજાયો

## નિષ્ણાત ડો. રાકેશ દોશીએ ઉદ્યોગ સાહસિકોને TOC (Theory of Constraints) Way of Productivity વિષયને સરળ અને વ્યવહારુ ઉદાહરણો સાથે સમજાવ્યો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે પ્રોડક્ટિવિટી સાથે પ્રગતિ કાર્યક્રમ શ્રેણી – સીઝન એકનો ત્રીજો એપિસોડ શનિવાર, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૪૫ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં પ્રોડક્ટિવિટી અને બિઝનેસ એક્સલન્સ નિષ્ણાત ડો. રાકેશ દોશીએ TOC Way of Productivity વિષય પર વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પ્રમુખ શ્રી નિરવ રાણાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વ્યવસાયિક માહોલમાં પ્રોડક્ટિવિટી માત્ર વિકલ્પ નહીં પરંતુ આવશ્યકતા બની ગઈ છે. પ્રોડક્ટિવિટી વધારવા માટે યોગ્ય સિસ્ટમ, વિચારધારા અને અમલ અત્યંત મહત્વપૂર્ણ છે.

પ્રોડક્ટિવિટી અને બિઝનેસ એક્સલન્સ નિષ્ણાત ડો. રાકેશ દોશીએ ઉદ્યોગ સાહસિકોને TOC (Theory of Constraints) Way of Productivity વિષયને સરળ અને વ્યવહારુ ઉદાહરણો સાથે સમજાવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, દરેક સંસ્થા કે વ્યવસાયમાં કેટલીક મર્યાદાઓ (Constraints) હોય છે અને એ મર્યાદાઓ ઓળખીને તેનું યોગ્ય સંચાલન કરવામાં આવે તો પ્રોડક્ટિવિટી અને નફાકારકતા બંનેમાં નોંધપાત્ર વધારો શક્ય બને છે. તેમણે TOCના સિદ્ધાંતોને બિઝનેસ પ્રક્રિયામાં કેવી રીતે અમલમાં મૂકવા તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ શ્રેણીનો હેતુ ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ અને એમએસએમઇને આધુનિક મેનેજમેન્ટ ટૂલ્સ અને પ્રોડક્ટિવિટી કન્સેપ્ટ્સથી અવગત કરાવવાનો છે, જેથી તેઓ પોતાના વ્યવસાયને વધુ અસરકારક અને સસ્ટેનેબલ બનાવી શકે.

સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ કાપડિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સંસ્થાના સભ્યોએ હાજરી આપી હતી અને સેશનને અત્યંત ઉપયોગી તથા પ્રેરણાદાયક ગણાવ્યો હતો.